# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19/09/2025** **Morning : 7.10 to 7.20**
**Day : FRIDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1. **ભાવનગરમાં આવતીકાલની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની મુલાકાત દરમિયાન યોજનારા રોડ' શો માટેની તૈયારીઓ પૂર્ણ.**
2. **નવમી આંતરરાષ્ટ્રીય ધર્મ-ધમ્મ પરિષદનો અમદાવાદમાં પ્રારંભ કરાવતાં રાજ્યપાલ.**
3. **અમદાવાદ અને રાજકોટમાં નવરાત્રી દરમિયાન રાત્રીના બાર વાગ્યા સુધી લાઉડ સ્પીકર વગાડવાનું જાહેરનામું પ્રસિધ્ધ.**
4. **રાજ્યમાં અત્યાર સુધીમાં 97 ટકા ખરિફ પાકનું વાવેતર કરાયું.**
5. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવન સંઘર્ષ પર નિર્માણ પામેલી દસ્તાવેજી ફિલ્મ “ચલો જીતે હૈ” ને પ્રેરણાદાયી લેખાવતાં વિદ્યાર્થીઓ.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# BHAVNAGAR PM SABHA

ભાવનગરમાં આવતીકાલના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવી રહ્યા છે ત્યારે શહેરને શણગારવામાં આવ્યું છે. સમગ્ર કાર્યક્રમ અંગે કેન્દ્રીય રાજ્ય કક્ષાના મંત્રી નીમુબેન બાંભણિયા સહિતના સ્થાનિક નેતાઓએ પત્રકાર પરિષદ યોજી વિગતો આપી હતી.

જેમાં આવતીકાલના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી એરપોર્ટ ખાતે આવશે અને મહિલા કોલેજથી રૂપાણી સર્કલ સુધી દોઢ કિલોમીટર લાંબો રોડ' શો યોજશે, તેમ નીમુબેન બાંભણિયાએ કહ્યું હતું.

(બાઇટ- નીમુબેન બાંભણિયા, કેન્દ્રીય રાજ્ય મંત્રી)

# DHAMM COFERENCE

અમદાવાદમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ઇન્ડિયા ફાઉન્ડેશનના સંયુક્ત ઉપક્રમે આયોજિત ૯મી આંતરરાષ્ટ્રીય ધર્મ-ધમ્મ પરિષદનો પ્રારંભ થયો હતો.

'કર્મ, પુનઃજન્મ, દેહાંતરણ અને અવતાર સિદ્ધાંત'ની થીમ પર આધારિત આ આંતરરાષ્ટ્રીય પરિષદનું ઉદઘાટન કરતાં રાજ્યપાલે આચાર્ય દેવવ્રતે કહ્યું કે, 'ધર્મ' અને 'ધમ્મ' આ બંને શબ્દો અને તેના ગહન ખ્યાલ, ભારતભૂમિની વિશ્વને દેન છે. કેન્દ્રીય સાંસ્કૃતિક અને પ્રવાસન વિભાગના મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવતે પોતાનું

વક્તવ્ય આપતા જણાવ્યું કે, માનવના અસ્તિત્વના મૂળભૂત પ્રશ્નો અને તેના જવાબ શોધવાની જહેમતે જ વિવિધ માનવ સભ્યતાને આકાર આપ્યો છે.

આંતરરાષ્ટ્રીય મહેમાનો અને વિવિધ ધર્મના અગ્રણીઓની ઉપસ્થિતીમાં યોજાયેલી આ પરિષદમાં ધર્મના વિવિધ પાસાઓની ચર્ચા કરવામાં આવી હતી.

## SEVA SAPTAH - NAMO YUVA RUN

ભારતીય જનતા યુવા મોરચા દ્વારા સેવા સપ્તાહ નિમિત્તે આગામી 21મી સપ્ટેમ્બરે રવિવારે રાજ્યનાં વિવિધ મહાનગરોમાં “ નમો યુવા રન ” મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું છે.

મંત્રી જગદીશ વિશ્વકર્માએ આ અંગે વધુ માહિતી આપતાં જણાવ્યું કે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આગામી 21મી સપ્ટેમ્બરે વસ્ત્રાપુર તળાવથી આ મેરેથોન શરૂ કરાવશે. જેમાં 20 હજારથી વધુ યુવાનો, રમતવીરો, જાણીતા કલાકારો જોડાશે. યુવા રનમાં ભાગ લેવા માટે ઓનલાઇન લિંકથી રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

## NAVRATRI -RAJKOT-AMDAVAD

અમદાવાદ અને રાજકોટ સહિતના શહેરમાં નવરાત્રી દરમિયાન રાત્રે 12 વાગ્યા પછી માઇક તથા લાઉડ સ્પીકર ચાલુ ન રાખવા અંગેનું જાહેરનામું પ્રસિધ્ધ કરાયું છે.

આ અંગે અમદાવાદ અને રાજકોટ પોલીસ કમિશ્નર દ્વારા જાહેર હુકમ ફરમાવવામાં આવ્યો છે. જે અંતર્ગત 22 સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર દરમિયાન રાત્રીના 12 વાગ્યા બાદ નવરાત્રી તથા દશેરાનાં દિવસે ખાનગી કે જાહેર સ્થળે માઇક તથા લાઉડ સ્પીકર ચાલુ રાખી શકાશે નહી. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ શિક્ષાને પાત્ર થશે.

## GST REFORMS FOR MORNING

વસ્તુ અને સેવા કર – GST પરિષદે કરમાળખામાં ઘટાડાના નિર્ણયને રાજ્યભરમાં વ્યાપક આવકાર મળી રહ્યો છે. પરિષદે લોકોનું જીવન સરળ બનાવવા અનેક ક્ષેત્રમાં કરના દર ઘટાડ્યા છે. આગામી 22 તારીખે અમલમાં આવનારા નવા દરથી ઑટો મૉબાઈલ ક્ષેત્રે સંકળાયેલા લોકો અને સામાન્ય નાગરિકને પણ ઘણો લાભ થશે.

તે અંગે ભાવનગરના ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ ભરત શેઠે પ્રતિક્રિયા આપી......

(BYTE: BHARAT SHETH, CA)

## KUTCH ARMY OFFICER MEETING

ભારતીય સેનાએ કચ્છના રણમાં જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ માટે સરહદી વિસ્તારની મુલાકાતનું આયોજન કર્યું. કચ્છ કલેક્ટર સહિત જિલ્લાના ઉચ્ચ

અધિકારીઓએ સરહદી રણ વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિ અને સશસ્ત્ર દળોની કામગીરી વિશે જાણકારી મેળવી.

દેશના વિવિધ લશ્કરી દળો કેવી રીતે અને ક્યાં ક્યાં પડકારો વચ્ચે કામ કરે છે તેમજ વહીવટીતંત્ર અને ઈન્ડિયન આર્મી વચ્ચે સંકલન વધારવાના હેતુથી આંતરરાષ્ટ્રીય સરહદની સંયુક્ત મુલાકાત યોજાઈ હતી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

## NARCO BETHAK - RAJKOT

રાજકોટમાં પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝાની અધ્યક્ષતામાં રાજકોટ શહેર નાર્કો કો-ઓર્ડીનેશન સેન્ટરની બેઠક યોજાઈ. આ બેઠકમાં પોલીસ કમિશનરે યુવનોને નશીલા પદાર્થોના સેવનથી દૂર રાખવા શાળા, કોલેજોમાં જનજાગૃતિનું

અભિયાન વ્યાપક બનવવા સાથે નશીલા પદાર્થના વેચાણકર્તાની માહિતી પોલીસ વિભાગને આપવા જાહેર જનતાને અપીલ કરી હતી.

નવરાત્રી દરમ્યાન ગરબાના સ્થળોએ નશીલા પદાર્થો અંગે જનજાગૃતિ અભિયાન વેગવંતુ રાખવા પણ સૂચના આપવામાં આવી હતી. આ બેઠકમાં વિવિધ મહાનુભાવો જોડાયા હતાં.

# WEATHER FORECAST

રાજ્યમાં ચોમાસાની આ મોસમમાં સાર્વત્રિક વરસાદને લઈ અત્યાર સુધી કુલ સરેરાશ વરસાદ 108 ટકાથી વધુ નોંધાયો છે. તેના કારણે રાજ્યમાં 97 ટકાથી વધુ વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર થયું છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવરબંધમાં 93 ટકાથી વધુ જળસંગ્રહ થયો છે. બીજી તરફ, રાજ્યના કુલ 206માંથી 145 બંધ હાઈ–અલર્ટ એટલે કે 70થી 100 ટકા વચ્ચે ભરાયા છે.

બનાસકાંઠા જિલ્લાની જીવાદોરી સમાન દાંતીવાડા જળાશય ચાલુ વર્ષે ૯૫ ટકા ભરાયો છે. વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના હસ્તે બનાસ નદીમાં 2 હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યું. આ પ્રસંગે શ્રી ચૌધરીએ જણાવ્યુ કે, ચાલુ વર્ષે સાર્વત્રિક વરસાદ અને નદીમાં પાણી આવવાથી ભુગર્ભ જળના તળ ઊંચા આવશે. તેમણે નીચાણવાળા વિસ્તારના લોકોને સાવચેત રેહવા જણાવ્યુ હતું. ઉલ્લેખનીય છે કે, દાંતીવાડા જળાશય યોજનાથી બનાસકાંઠા અને પાટણ

તાલુકાના કુલ 110 ગામના અંદાજે 45 હજાર 823 હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળે છે.

દરમિયાન ગઇકાલે છોટા ઉદેપુરના બોડેલીમાં વાતાવરણમાં પલટો આવતા વરસાદ થયાના અહેવાલ છે. બોડેલી, અલીપુરા, ઢોકલીયા, ચાચાક વિસ્તારમાં વરસાદ થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો હતો.

## NVS_NARENDRA MODI FILM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જીવનચરિત્ર પર આધારિત “ચલો જીતે હૈ” નામની ડોક્યુમેન્ટરી ફિલ્મને નવસારી શહેરના સિનેમા ગૃહમાં પ્રદર્શિત કરાઇ રહી છે. આ ફિલ્મમાં નરેન્દ્ર મોદીના બાળપણથી લઈને તેમની સંઘર્ષયાત્રા, દેશસેવા પ્રત્યેની અવિરત તલપ તથા સંકલ્પશક્તિનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે.

વિદ્યાર્થીઓએ આ ફિલ્મમાંથી જીવનમાં અડગ સંકલ્પ, મહેનત, શિસ્ત અને દેશપ્રેમ જેવા ગુણો અપનાવવા પ્રેરણા લેવીએ મુખ્ય હોવાનું નવસારીની આશાદિપ હાઇસ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી આકાશભાઇએ જણાવ્યું હતું.

(બાઈટ : આકાશભાઈ, મેનેજિંગ ટ્રસ્ટી,આશાદીપ હાઈસ્કુલ નવસારી)

આ ફિલ્મ નિહાળનારા તિર્થ ગજેરા અને નિશા પટેલે ફિલ્મને પ્રેરણાદાયી ગણાવી હતી.

(બાઇટ- તિર્થ ગજેરા, નિશા પટેલ)

# POSHAN MASS

કેન્દ્ર સરકાર દ્વારા દર વર્ષે સપ્ટેમ્બર માસમાં કુપોષણ તથા એનિમિયા નિવારણ માટે “પોષણ અભિયાન” અંતર્ગત પોષણ માસ ઉજવવામાં આવે છે. રાજ્યમાં પોષણ માસ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા.

નડિયાદમાં સાંસદ દેવુસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને જિલ્લા કક્ષાનો ભૂલકા મેળો યોજાયો. તેમજ ટેક હોમ રાશન- ટીએચઆર અને મિલેટસ પૌષ્ટિક વાનગીની સ્પર્ધા આયોજિત કરાઈ.

નવસારી જિલ્લામાં, એક હજાર 330 આંગણવાડી કેન્દ્રો પર સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓ, કિશોરીઓને પોષણ શપથ લેવડાવવામાં આવ્યા.

મહીસાગર જિલ્લાના વિવિધ આંગણવાડી કેન્દ્રો ખાતે બાળકોનું તથા કિશોરીઓનું BMI સ્ક્રીનીંગ તથા આરોગ્યની તપાસ કરવામાં આવી.